નં.– એકે/જોડાણ/ ૩૦૦૨ /૨૦૧૮
તારીખ : ૩ /૦૭/૨૦૧૮

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત બનાસકાંઠા મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, પાલનપુરને આ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી નવું જોડાણ આપવામાં આવેલ છે. કોલેજની પ્રવેશ ક્ષમતા ૧૫૦ વિદ્યાર્થીઓની છે.

કા.કુલસચિવ

પ્રતિ,
પ્રમુખશ્રી/આચાર્યશ્રી,
ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત
બનાસકાંઠા મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
<u>પાલનપુર</u>, જી.– બનાસકાંઠા

Hemchandracharya North Gujarat University
PATAN - 384 265 (N.G.)
Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)

No.Aca/Affi./NOC/2832/2017
Date: 29/ 04 /2017

# CERTIFICATE

This is to certify that this University has No Objection to give the affiliation to the Proposed Banas Medical College & Research Institute, Palanpur Managed by Galbabhai Nanjibhai Patel Cheritable Trust, Palanpur, Dist. Banaskantha. If it is approved by the Medical Council of India and started within the University area.

This NOC will be valid up to one year (Date : 27/04/2018)

I/c. Registrar

Date : 27/04/2017
Place : Patan

To,
President,
Galbabhai Nanjibhai Patel Cheritable Trust,
Banas Dairy,
**Palanpur**
Dist. Banaskantha

P.B. No. 21, University Road, Patan. 384265. Gujarat State. INDIA.
Phone : +91 2766 - 222745, 220932, 230743, 230529, 233648 Fax : +91 2766 - 231917
Mail : regi@ngu.ac.in Web. : www.ngu.ac.in

Encl 08
# Hemchandracharya North Gujarat University
PATAN - 384 265 (N.G.)
Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)

No.Aca/Affi./ 4377 /2017
Date : 29/06/2017
30

## FORM – 3
## CONSENT OF AFFILIATION

On this basis of the report of the Local Inquiry Committee the University of Hemchandracharya North Gujarat University, Patan has agreed, in principle, to affiliated the proposed Banas Medical College & Research Institute to the establishment At.Palanpur, Dist.Banaskantha by the Galbabhai Nanjibhai Patel Cheritable Trust, Palanpur subject to fullfilment of the terms and condition of the Medical Council of India grant of permission by the Government of India, Ministry of Health and Family Welfare, New Delhi under/Section 10(A) of the Indian Medical Council Act, 1956, 102 of 1956.

Date : 29/06/2017
Place : Patan

I/c. Registrar

To,
Vice –Chairman,
Galbabhai Nanjibhai Patel Cheritable Trust, Palanpur Conducted
Banas Medical College & Research Institute,
**AT. PALANPUR**
Dist.- Banaskantha



P.B. No. 21, University Road, Patan. 384265. Gujarat State. INDIA.
Phone : +91 2766 - 222745, 220932, 230743, 230529, 233648 Fax : +91 2766 - 231917
Mail : regi@ngu.ac.in Web. : www.ngu.ac.in

# Hemchandracharya North Gujarat University

PATAN - 384 265 (N.G.)

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)

No.Aca/Affi./NOC/2832/2017
Date: 29/ 04 /2017

## CERTIFICATE

This is to certify that this University has No Objection to give the affiliation to the Proposed Banas Medical College & Research Institute, Palanpur Managed by Galbabhai Nanjibhai Patel Cheritable Trust, Palanpur, Dist. Banaskantha. If it is approved by the Medical Council of India and started within the University area.

This NOC will be valid up to one year (Date : 27/04/2018)

I/c. Registrar

Date : 27/04/2017
Place : Patan

To,
President,
Galbabhai Nanjibhai Patel Cheritable Trust,
Banas Dairy,
**Palanpur**
Dist. Banaskantha

ક્રમાંકઃ-ઉગજ/૨૦૧૮/૮૪/ખ.૧
શિક્ષણવિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯/૧૧/૨૦૧૮

પ્રતિ,
કુલસચિવશ્રી,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ,
પાટણ(ઉ.ગુ.)-૩૮૪૨૬૫.

**વિષયઃ**-પ્રમુખશ્રી, ગલબાભાઇ નાનજીભાઇ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ,પાલનપુર સંચાલિત બનાસ મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ, મુ.પાલનપુર, જી:બનાસકાંઠાને મેડિકલના અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ થી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવા સૈધ્ધાંતિક પૂર્વ મંજુરીઆપવાબાબત.

શ્રીમાન,

ઉકત વિષય પરત્વેના આપના તા.૧૨/૧૦/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ એકે/જોડાણ/૫૬૮૦/૨૦૧૮ના અનુસંધાને પ્રમુખશ્રી, ગલબાભાઇ નાનજીભાઇ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ,પાલનપુર સંચાલિત બનાસ મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ, મુ.પાલનપુર, જી.બનાસકાંઠાને મેડિકલના અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ થી કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવા માટે નીચેની શરતોએ આથી સૈધ્ધાંતિક પૂર્વમંજુરી આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ રજુ કરેલ સોગંદનામામાં સંસ્થા દ્વારા કબુલાત કર્યા મુજબ કાયમી ધોરણે સંસ્થાને કોઇ ગ્રાંટ મળશે નહી. હાલ તથા ભવિષ્યમાં સંસ્થાએ કોલેજ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાની રહેશે, તથા સંસ્થા દ્વારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઇ માંગણી કરવામાં આવશે નહી.

(૨) સંસ્થા/કોલેજે યુનિવર્સિટી તેમજ રાજય સરકાર વખતો વખત નકકી કરે તે નિયમો/શરતોનું યથા યોગ્ય પાલન કરવાનું રહેશે.

(૩) યુનિવર્સિટી તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ મળ્યા બાદ જ જોડાણ આપવા અંગે વિચારણા કરવામા આવશે.કોઇ શરતી જોડાણ મંજુર કરવામાં આવશે નહીં.

(૪) આ અભ્યાસક્રમો અંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પરામર્શમાં ગુણવત્તાના ધોરણે વિધાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સિટી જે પધ્ધતિ નકકી કરેતે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) સદરહુ અભ્યાસક્રમ શરૂ થયા બાદ કોઈ કારણસર બંધ થાય તો સ્ટાફની તથા અન્ય કોઈપણ નાણાંકીય જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે નહી, પરંતુ તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

(૬) સંસ્થાએ મુકેલ રૂ. ૮,૦૦,૦૦૦ (અંકે રૂપિયા આઠ લાખ પુરા) ની ફીક્સ્ડ ડીપોઝીટ વખતો વખત પાકતી તારીખે વ્યાજ સહિત ફરીથી ૬(છ) વર્ષ માટે તે જ સ્વરૂપે તાજી (રીન્યુ) કરાવવાની રહેશે.

(૭) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્રસરકાર / રાજય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરૂર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે.

(૮) નિયત કરેલ લઘુત્તમ દિવસોનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થઇ શકશે કે કેમ? તેની ખાતરી કર્યા બાદ જે તે શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓ ફાળવવાના રહેશે.

(૯) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા તા.૧૨/૧૦/૨૦૧૮ના પત્રથી મોકલેલ કારોબારી સમિતીએ મુકેલ શરતોનું સંસ્થાએ પરિપાલન કરવાનું રહેશે અને તેની ચકાસણી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણએ કરી લેવાની શરતે સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આપવામાંઆવેછે.

(૧૦) સદરહુ કોલેજ વિદ્યાર્થીઓની પૂરતી સલામતીના હેતુ માટે પૂર્ણ ભૌતિક સુવિધાઓ ધરાવે છે તે અંગેની સંપૂર્ણ ચકાસણી યુનિવર્સિટીએ કરી લેવાની રહેશે.

આપનોવિશ્વાસુ,

(ડૉ.જે.એચ.બેલાણી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

નકલરવાના:-

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.મંત્રીશ્રી ( શિક્ષણ)નાઅંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચશિક્ષણકમિશ્નરશ્રી, ડૉ.જીવરાજમહેતાભવન, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગલબાભાઇ નાનજીભાઇ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ,પાલનપુર સંચાલિત બનાસ મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ, મુ.પાલનપુર, જી.બનાસકાંઠા (રજી.પો.એ ડી.દ્વારા)
- નાયબસેકશનઅધિકારીપસંદગીફાઇલ
- પસંદગીફાઇલ.

भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

રૂ. BL 346415

ભાઈચંદભાઈ જે. પટેલ
સ્ટેમ્પ વેન્ડર, અમીર રોડ, પાલનપુર
લા.નં. ૪/૯૬ (૧૯૭૩)

અ.નં. ...............
તારીખ:
ખરીદનારનું નામ.
રે:
ખરીદનારની સહી.

NOTARY
B.G.Chaudhari
Palanpur
Dist.Banaskantha
GOVT OF INDIA
Reg.No.9698
GOVERNMENT OF INDIA

Serial No. 724
Book No. 20
Page No. 51
Date: 09 OCT 2018

નમૂનો - ક

## ડીડ ઓફ ડિક્લેરેશન યાને એકરારનામું

આથી અમો નીચે સહી કરનાર આ ડીડ ઓફ ડિક્લેરેશન દ્વારા સોગંદ નામા ઉપર જાહેર કરી એકરાર કરીએ છીએ કે અમો: શ્રી દિલીપસિંહ અનારસિંહ બારડ (વ્યવસાય) – ધંધો (ઉમર)- ૫૮ વર્ષ (ધર્મ) - હિન્દૂ (સરનામું)- મું.પો. ગંગવા તા-દાંતા, જિ. બનાસકાંઠા ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છીએ અને અમારા નામે મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટોના અધિનિયમ- ૧૯૫૦ હેઠળ ચેરીટી કમિશનર ખાતામાં આજની તારીખે ઉપરોક્ત ટ્રસ્ટના વહીવટ કર્તા/મંત્રી/ટ્રસ્ટી તરીકે નોધાયેલા છીએ. મજકુર ટ્રસ્ટ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટોના અધિનિયમ – ૧૯૫૦ હેઠળ નોધણી નંબર- **E-1530/Banaskantha** તા-**17/09/2016** થી નોધાયેલ છે, અને મજકુર ટ્રસ્ટના હેતુ હેઠળ કોલેજ ચલાવવાના હેતુનો સમાવેશ થાય

છે, તે રીતે કોલેજ શરૂ કરવા તથા ચલાવવવા માટે ટ્રસ્ટ સક્ષમ છે, આથી અમો નીચે સહી કરનારને આ લેખમાં હવે પછીથી લેખ લખનાર તરીકે સંબોધવામાં આવશે જે સંજ્ઞામાં ઉપરોક્ત ટ્રસ્ટના ભવિષ્યમાં કાયદેસર નિમાયેલ ટ્રસ્ટીઓ / વહીવટ કર્તાઓ તથા તેના એસાઈનીઓ તથા એકઝીકયુટરો વિગેરેનો સમાવેશ થશે.

૧. આ પ્રકારનું સોગંદનામું કરવા અને લખી આપવા માટે ટ્રસ્ટે અને સભ્યોએ અમોને સત્તા આપેલી છે, તેથી અમો આ સોગંદનામું કરીએ છીએ. અમો લેખ લખનાર હાલમાં વહીવટ કર્તા/મંત્રી છીએ અને મજકુર ટ્રસ્ટ મું- **બનાસ ડેરી** તા-**પાલનપુર** જિ- **બનાસકાંઠા**ના સ્થળે પોતાની પ્રવૃત્તિઓ ચલાવે છે. તે મુજબ અમે ટ્રસ્ટ ડીડમાં દર્શાવેલ હેતુઓ મુજબ જુનથી ધોરણ ૧૨ પછીનો- ૫ ૧/૨ વર્ષનો- **MBBS** નો અભ્યાસક્રમ પીપીપી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) તરીકે ચલાવવા માંગીએ છીએ. આ બાબતે અમોએ સરકારશ્રી સાથે કન્શેશન એગ્રીમેન્ટતા.૧૭/૧૦/૨૦૧૭ના રોજ કરેલ છે તેના અનુસંધાને નીચેની કબુલાત પ્રમાણેની શરતો પાળવાની અને જવાબદારી ઉપાડવાની સ્વેચ્છાએ કબુલાત કરી તેનો કાયમ માટે અમલ કરવાની આથી બાંહેધરી આપીએ છીએ.

૨. સંસ્થાએ મેડિકલ વિદ્યાશાખા- **એમ.બી.બી.એસ** અભ્યાસક્રમ- **ડીગ્રી** (પદવી)નો વર્ગ-૧ ચલાવવાની મંજૂરી માંગેલ હોઈ, પ્રવર્તમાન પ્રથા મુજબ એક વિદ્યાશાખા, અભ્યાસક્રમ, પદવી અને વર્ગ દીઠ રૂ. ૬,00,000/- ( અંકે છ લાખ પુરા) લેખે **એમ.બી.બી.એસ** વિદ્યાશાખા અભ્યાસક્રમ પદવીના વર્ગ-૧ માટે કુલ રૂ. ૬,00,000/- ( અંકે છ લાખ પુરા) રૂપિયા પુરાની ફિક્સ્ડ ડીપોઝીટ એસબીઆઈમાં તા ૦૮/૧૦/૨૦૧૮ના રસીદ નંબર ૦૬૯૫૩૭૯.થી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના રજિસ્ટ્રારશ્રી અને સંસ્થાના-**ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર** સયુંકત નામે **૬** વર્ષ માટે મુકેલ છે, જે રસીદની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. તેમજ ખાત્રી આપીએ છીએ કે સદરહુ ડીપોઝીટની રકમ પાકતી તારીખે વ્યાજ સહીત દર છ (૬) વર્ષે ફરીથી તાજી (રીન્યુ) કરાવતા રહીશું.

૩. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ યુનિવર્સિટી તરફથી મંજૂરી માટે અને જોડાણ માટેની જરૂરી બધી જ શરતોનુ પાલન કરવાની આથી બાહેંધરી આપીએ છીએ અને સંસ્થાને/ કોલેજને તેનું રજિસ્ટ્રેશન મળ્યા બાદ જ મજકુર કોલેજ શરૂ કરીશું.

૪. આથી અમો બાહેંધરી આપીએ છીએ કે :

(૧) કોલેજના અધિકારીશ્રી/ કર્મચારીઓના પગાર ભથ્થા અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી અને સંચાલક મંડળ નક્કી કરે તેના સયુંકત નામે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં રૂ!૨,00,000/-( અંકે બે લાખ પુરા )ની ફિક્સ્ડ ડીપોઝીટ મુકીશું. આ રકમ યુનિવર્સીટીની પરવાનગી વગર ઉપાડીશું નહિ.

(૨) નવી કોલેજને જોડાણ મળતા પહેલા રૂ. ૫,00,000/-( અંકે પાંચ લાખ પુરા)નુ વર્કીંગ ફંડ ઉભું કરીશું અને તેનો આધાર રજુ કરીશું,

(૩) નવી કોલેજનુ જોડાણ મેળવતા પહેલા અમારું પોતાનું મકાન હશે.

(૪)સંસ્થાની આર્થીક સધ્ધરતા માટે રૂ. ૩૦,૪૬,૦૪,૪૮૧/-ની રકમ રોકડમાં/ બેન્ક બેલેન્સ રૂપે જમા છે અને સ્થાયી અસ્કયામતો સંસ્થા ધરાવે છે તે અંગેના આધારો રજુ કરીશું .

૫. આથી અમો બાહેંધરી આપીએ છીએ કે:

(૧) પીપીપી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) તરીકે કોલેજ ચાલવાની શરતે અમને મંજૂરી આપવામા આવશે તો અમારી પાસે કોલેજ ચલાવવા માટેનુ પૂરતું ભંડોળ છે અને જરૂર પડશે તો તે માટે જરૂરી ભંડોળ ઉભું કરીશું. અમને આ પ્રમાણેની ચોક્કસ સમજ છે અને અમારી સદર હું કોલેજ સંસ્થાને સરકારશ્રી તરફથી હાલમાં કે ભવિષ્યમાં પણ કોઈપણ પ્રકારની ગ્રાન્ટ કે નાણાકીય મદદ આપવામાં આવશે નહિ કે અમે પણ આવી મદદ માટે માંગણી કરીશું નહિ.

(૨). પીપીપી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) તરીકે કોલેજ શરૂ કરીએ છીએ તેમાં નિમણુંક પામનાર શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓની સરકારશ્રીની ગ્રાન્ટ મેળવતી અન્ય સંસ્થાઓ / કોલેજોમાં આપવામાં આવતા વખતો વખતના પગાર ધોરણ પ્રમાણે પગાર ભથ્થું મોંઘવારી ભથ્થું તેમજ અન્ય ભથ્થાઓ ચૂકવીશું અને તે અંગે અમે સરકારશ્રી તરફથી કોઈ પણ આર્થિક યા અન્ય કોઈ પણ પ્રકારની મદદની ક્યારેય માંગણી કરીશું નહિ આવી બાંહેધરી રૂપે સરકારશ્રીને નક્કી કર્યા પ્રમાણે – <u>**હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત**</u> યુનિવર્સીટીનાં રજીસ્ટ્રારશ્રી અને સંસ્થાનાં સયુંકત નામે ઉપરના ફકરા ૨(બે) મુજબ ડીપોઝીટ મુકેલ છે જેની પ્રમાણિત નકલ સરકારશ્રીને આ સાથે મોકલેલ છે.

(૩) મજકુર સંસ્થામાં અમે જરૂરિયાત પ્રમાણેનો સ્ટાફ અમારા ખર્ચે સરકારશ્રીએ નક્કી કરેલા ધોરણો પ્રમાણેનુ રાખવા માટે બાંહેધરી આપીએ છીએ તેમજ સરકારશ્રીની અનામત જગ્યાઓ ભરવા અંગેની નીતિ અનુસાર સંસ્થા નિયમો પ્રમાણે જગ્યાઓ ભરશે તેની ખાત્રી આપીએ છીએ.

(૪) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તેમજ યુનિવર્સીટી અને સંસ્થાને સબંધિત અન્ય વૈધાનિક સંસ્થાના કોલેજ ચલાવવાના વખતો વખતના જ ધારા ધોરણો હશે તેનું ચુસ્તપણે પાલન કરીશું અને તે અનુસાર કોલેજનુ સંચાલન કરીશું

(૫)સંસ્થાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટેના કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ડ ફંડનું રજીસ્ટ્રેશન મેળવી લઈશું અને તેના માટેના વખતો વખતના નિયમોનુ પાલન કરીશું અને તે માટેની જરૂરી રકમની જોગવાઈ કરીશું.

(૬)સંસ્થા તેમજ સંસ્થાના કર્મચારીઓ વચ્ચે કોઈપણ વિવાદ કે પ્રશ્નો ઉભા થાય તો તે અંગે સરકારશ્રીએ નીમેલ ટ્રિબ્યુનલને ન્યાયી કાર્યવાહી માટે કેસ સુપરત કરીશું, તેમજ અમારા આવા વિવાદ કે પ્રશ્નો ઉપર મધ્યસ્થી તરીકે ટ્રિબ્યુનલનુ કાર્યક્ષેત્ર રહેશે તે અમે સ્વીકારીએ છીએ.

(૭)સંજોગોવસાત કોલેજમાં વર્ગો બંધ કરવાના થાય કે આખી કોલેજ બંધ કરવાની થાય તો તે માટે સંસ્થાના અધિકારી / કર્મચારીઓને પગાર તેમજ જે કઈપણ વળતર ચૂકવાનું થાય તેની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે અમારી સંસ્થાના આવા કર્મચારીઓને ફાજલનું કોઈ રક્ષણ મળશે નહિ તેમજ રાજ્ય સરકારશ્રી ની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૮)અમો ગુજરાત સરકારશ્રી અને યુનિવર્સીટી વખતો વખત નક્કી કરે તે પ્રમાણેની ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવીશું.

(૯)અમારી સંસ્થામાં વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતમાં સરકારશ્રીની અનામત નીતિ પ્રમાણેની જગ્યાઓ અનામત રાખીશું અને આ જગ્યાઓ અનામત કક્ષાના ઉમેદવારોથી જ ભરીશું,

(૧૦)અમો અમારી કોલેજમાં પ્રવેશ આપવા અંગે વિદ્યાર્થીઓ કે તેમના વાલીઓ પાસેથી કોઈપણ પ્રકારની કેપીટેશન ફી અથવા ડોનેશન અથવા ડીપોઝીટની રકમ કોઈપણ પ્રકારે લઈશું નહિ.

(૧૧)અમારી કોલેજ / સંસ્થા દ્વારા ઉપર મુજબના જે અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવશે અથવા ભવિષ્યમાં નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે તે બધા માટે યુનિવર્સીટી, રાજ્ય સરકાર/ યુનિવર્સીટી ગ્રાન્ટસ કમિશન, વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઈ વિગેરે અને અન્ય સત્તાધીશો (ઓથોરીટી)ના કાયદા નીતિ નિયમો, વિનિમયો, ધારાધોરણો, સૂચનાઓ વિગેરેનુ સંસ્થા દ્વારા અક્ષરશઃ સંપૂર્ણ પાલન કરવામાં આવશે તે માટેના જરૂરી આધાર, પુરાવા, દસ્તાવેજો, વિગતો વિગેરે રજુ કરીશું, બતાવીશું અને લેખિતમાં જાણ કરીશું.

(૧૨)અમારી કોલેજમાં સરકારશ્રીએ વખતો વખત નક્કી કરેલ અભ્યાસક્રમ પ્રમાણે દરેક વર્ગોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપીશું.

(૧૩)સંસ્થાએ અભ્યાસક્રમો દીઠ વર્ગની સંખ્યા અને વિધાર્થીઓની સંખ્યા તેમજ પ્રવેશ પધ્ધતિ તેમજ પ્રવેશના ધોરણો અંગે દરેક વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓ પાસે લેવાની શૈક્ષણિક ફી, ઈતર ફી, અન્ય ખર્ચ વિગેરે તેમજ સંસ્થાએ મુકવાની ડીપોઝીટ અને સંસ્થાએ ચુકવવાની ફી, ચાર્જિસ વિગેરે અંગે પ્રત્યેક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણુંક કરવા માટે કાર્યભાર શૈક્ષણિક લાયકાત, નિમણુંક પધ્ધતિ, નિમણુંકના ધોરણો નિમણુકની પ્રક્રિયા વિગેરે અંગે તેમજ દરેક અભ્યાસક્રમો માટે સસ્થા/ કોલેજ પાસે પુરતી ભૌતિક સુવિધા, સાધન સામગ્રી, પુસ્તકાલય પુસ્તકો લેબોરેટરી, વર્કશોપ અન્ય સગવડો વિગેરે બાબતમાં રાજ્ય સરકાર, યુનિવર્સીટી, યુનિવર્સીટી ગ્રાન્ટસ કમિશન, વૈધાનિક સંસ્થા વિગેરેના પ્રવર્તમાન કાયદા નીતિ નિયમો વિનિમયો ધારાધોરણો અને સૂચનાઓ ચુસ્તપણે પાલન કરીશું

(૧૪) વિવિધ વિદ્યાશાખામાં ડીપ્લોમાં, ડીગ્રી, ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો પૈકી જ અભ્યાસક્રમો સંસ્થા ચલાવતી હોય / ચલાવવા માગતી હોય તે માટે યુનિવર્સીટી અને સબંધિત સતાધીશ (ઓથોરીટી) જેમ કે

યુનિવર્સીટી, યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન, વૈધાનિક સંસ્થાઓ, રાજ્ય સરકાર, ભારત સરકાર વિગેરેની મંજૂરી મેળવી લઈશું.

(૧૫) યુનિવર્સીટી, યુનિવર્સીટી ગ્રાન્ટસ કમિશન, વૈધાનિક સંસ્થાઓ, રાજ્ય સરકાર, ભારત સરકાર વિગેરે એ જે તે અભ્યાસક્રમો માટે જે શરત મુકેલી હોય તે તમામ શરતોનું પાલન કરીશું. તે અંગેની શરતોનું પાલન કર્યા અંગેની જાણ સબંધિત સતાધીશ (ઓથોરીટી)ને યથા સમયે કરીશું. આ બાબતમાં સતાધીશો તરફથી જે દસ્તાવેજો/કાગળો માંગવામાં આવે કે તપાસ કરવામાં આવે તેમાં પુરતો સાથ સહકાર આપીને તમામ વિગતો, આધાર,પુરાવા, દસ્તાવેજો વિગેરે રજુ કરીશું અને બતાવીશું.

(૧૬) અમે જે સ્થળે કોલેજ/અભ્યાસક્રમો ચલાવીએ છીએ તે સ્થળ જે યુનિવર્સીટી વિસ્તારમાં આવેલું હોય તે સિવાયની યુનિવર્સીટી સાથે સંસ્થા જોડાણ ઈચ્છશે તો અમો અમારા વિસ્તારને યુનિવર્સીટી અને જેની સાથે જોડાણ મેળવવાનું છે તે યુનિવર્સીટીના "ના- વાંધા પ્રમાણપત્ર – (N.O.C)" સરકારશ્રીને રજુ કરીને સરકારશ્રીની મંજૂરી મેળવીશું,

(૧૭) અમો જે સ્થળે કોલેજ ચલાવીએ છીએ તે જિલ્લામાં નવી કોલેજ શરૂ કરીશું નહિ અન્ય જિલ્લામાં નવી કોલેજ માટે મકાન, મેદાન વિગેરે અન્ય ભૌતિક સાધન સામગ્રી અને સગવડો સહિતની અલાયદી આંતર માળખાકીય સવલતો ઉભી કરીશુ.

૧૮)નવી કોલેજ શરૂ કરતા પહેલા રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવવામાં આવશે અને રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ કોલેજ/અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે અને પૂર્વ મંજુરીની નકલ યુનિવર્સીટીને મોકલીશું.

૧૯)અગાઉના વર્ષ માટે મુકેલી શરતો કે જેનું પરિપાલન કરવાનું બાકી રહે છે, તે સર્વે શરતોનું પરિપાલન કરીશું.

૨૦) નવા જોડાણના વિષયો અને નવી વિદ્યાશાખા કે નવો વર્ગ શરૂ કરતા પહેલા રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદજ વિદ્યાર્થી પ્રવેશની વિધિ તથા શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારી/સ્ટાફની નિમણુકની કાર્યવાહી હાથ ધરીશું.

૨૧) અમારા ટ્રસ્ટ/ સોસાયટીમાં એક સરનામાં પર સહી કરનાર ટ્રસ્ટીશ્રી બદલાઈ જશે કે ટ્રસ્ટીના નામમાં કે કોલેજના નામમાં કે સ્થળમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થશે તો પણ આ કોલેજ અંગેની ઉપર જણાવ્યા પ્રમાણેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની તેમજ સંસ્થામાં આવનાર નવા ટ્રસ્ટીશ્રીઓની રહેશે.

૨૨) ભારત સરકારશ્રી, રાજ્ય સરકારશ્રી, વૈધાનિક સંસ્થાઓ, યુનિવર્સીટી ગ્રાન્ટસ કમિશન, યુનિવર્સીટી વિગેરેએ મુકેલ શરતો તેમજ અમે ઉપર જે કબુલાત આપી છે તેનું પાલન કરવામાં કસુરવાર ઠરશું તો યુનિવર્સીટી સાથે સયુંકત ખાતામાં મુકેલ ફિક્સ્ડ ડીપોઝીટ કે યુનિવર્સીટીના ધારા-ધોરણ મુજબ

યુનિવર્સીટીમાં મુકેલી ફિક્સ્ડ ડીપોઝીટ કે ડીપોઝીટની રકમ યુનિવર્સીટી જપ્ત કરશે અને આ સોગંદનામામાં લેખિત શરતો પૈકી તમામ શરતો, એક શરત કે એક કરતા વધુ શરતોનો પુરેપુરો કે તેના કોઈ ભાગનો પણ અમારા થકી ભંગ થાય કે ભંગ કરવામાં આવે કે કરાવવામાં આવે તો સરકારશ્રી દ્વારા અમારા સામે કોઈ પણ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તે અમોને કબુલ મંજુર રહેશે અને તે માટે અમો કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત કરીશું નહિ.

આથી અમો અમારા ધર્મ પ્રમાણે ઈશ્વરને માથે રાખી સોગંદ પૂર્વક કબુલ કરીએ છીએ કે ઉપર પ્રમાણેની અમે સરકારશ્રીને જે બોહેધારી આપી છે અને અમોએ કબુલ રાખી છે તેનું ચુસ્તપણે પાલન કરવાની સંસ્થાના ટ્રસ્ટી તરીકે ખાત્રી આપીએ છીએ તે અમોને કબુલ મંજૂરી છે તેની સાક્ષી રૂપે આ નીચે સહી – સિક્કા,સાક્ષીએ તથા અધિકૃત અધિકારીશ્રી સમક્ષ આજ તા ૦૯/૧૦/૨૦૧૮ના રોજ કરીએ છીએ.

ટ્રસ્ટનું નામ :<u>ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર</u>

~~મંત્રી~~/વહીવટકર્તા : શ્રી <u>દિલીપસિંહ અનારસિંહ બારડ</u>



સરનામું : મું.પો. ગંગવા.

તા-દાંતા, જિ. બનાસકાંઠા

સહી: [signature]

સ્થળ : પાલનપુર

તારીખ: ૯/૧૦/૨૦૧૮

## <u>સાક્ષીઓ</u>

| નામ | સરનામું | સહી |
|---|---|---|
| (૧) ડૉ. [illegible] | ૭૯, [illegible] પાલનપુર | [signature] |
| (2) Dr. PREMA RAM CHOUDHARY | TN-3D, Staff Quarter Banas Dairy, Palanpur. | [signature] |

[signature]
મંત્રી/પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટી

ATTESTED
B. G. CHAUDHARI
NOTARY (GOVT. OF INDIA)
Off:- 3/08, Cosy Tower, PALANPUR
Resi.:-At.&Po.Jagana.Anandnagar Soc
Ta. PALANPUR, Dist. B.K.
M:- 93283 2....

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

09 OCT 2018